# વેણૂર – અતિશયક્ષેત્ર

| | | |
|---|---|---|
| ● આવાગમન................. | : | રેલ્વે સ્ટેશન : મેંગલોર - ૫૫ કિ.મી.<br>બસ સ્ટેશન : ધર્મસ્થલ - ૩૫ કિ.મી. |
| ● પહોંચવાનો સરળ માર્ગ ... | : | ધર્મસ્થલથી સડક રસ્તે |
| ● નજીકનું મુખ્ય શહેર ....... | : | મેંગલોર - ૫૫ કિ.મી., ધર્મસ્થલ - ૩૫ કિ.મી. |
| ● નજીકના તીર્થક્ષેત્રો ......... | : | મૂડબિદ્રી - ૨૭ કિ.મી., કારકલ - ૪૫ કિ.મી.,<br>ધર્મસ્થલ - ૩૫ કિ.મી., વારાંગ - ૪૦ કિ.મી. |

ધર્મસ્થલથી વેણૂર અતિશયક્ષેત્ર ૩૫ કિ.મી. દૂર આવેલ છે. નદી કિનારે એક નાનકડું ગામ છે. ત્યાં નાની એવી ધર્મશાળા છે. (હાલ નવી થઈ હોય તો તેનો ખ્યાલ નથી.) અહીં શ્રવણબેલગોલાના ભટ્ટારક શ્રી ચારૂકીર્તિની પ્રેરણાથી ઈ. સ. ૧૬૦૪માં શ્રી ચામુંડરાયના કુટુંબીજન શ્રી થીમરાજને શ્રી બાહુબલી ભગવાનની ૪૦ ફીટ ઉચી પ્રતિમા બિરાજમાન કરેલ છે. તે સિવાય શ્રી થીમરાજને શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર પણ બંધાવેલ છે. તે સિવાય બીજા ચાર મંદિરો વેણૂરમાં છે. એમ કહેવાય છે કે ભૂતકાળમાં અહીં એક મંદિરમાં ૧૦૦૦ થી વધુ પ્રતિમાજી હતા. (હાલ ત્યાં કેટલા છે તેની ખબર નથી.) અહીં એક માનસ્થંભજી છે. એક જ કમ્પાઉન્ડમાં નાના-નાના ત્રણ મંદિરો છે. વેણૂરમાં ચોથા મંદિરમાં શ્રી બાહુબલીજીની ખડ્ગાસન મૂર્તિ છે. ગામમાં કોઈ જ ધણી-ધોરી નહીં હોઈને આ મૂર્તિ ખૂબ જ ડાઘી થઈ ગઈ છે. આ બાહુબલીજીની મૂર્તિ આરસની નથી. ચાલુ પથ્થરની છે તેથી તેના ઉપર વરસાદ પડવાથી તે પ્રતિમાજી ઉપર ખૂબ જ કાળા ડાઘ પડેલા છે. તેથી ભગવાનની મુદ્રા પણ સ્પષ્ટ દેખાતી નથી. મસ્તકથી પગ સુધી બધે જ કાળા ધાબા પડી ગયા છે. પૂજારીને પૂછયુ કે આમ કેમ છે ? તો તેણે કહ્યું કે રોજ અભિષેક કેમ કરવો ? કેમ કે પ્રતિમાજી ૪૦ ફીટ ઉંચા છે. બાર વર્ષે અહીં અભિષેક થાય છે તેમ કહ્યું. બાકી તો પૂજારી દરરોજ પગ ઉપર એક ટબૂડી પાણી રેડે છે. એટલે અભિષેક થઈ ગયો કહેવાય તેમ પૂજારીએ કહ્યું.

વેણૂરમાં કુલ આઠ જૈન મંદિર છે, જે દર્શનીય છે.

જ્યાં સુધી ઓછી ઉપાધિવાળા ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળા ક્ષેત્રે જવું ન ઘટે; કેમકે તેથી ઘણી સદ્‌વૃત્તિઓ મોળી પડી જાય છે અથવા તો વર્ધમાન થતી નથી.